

ॐ



# આવજો

અમદાવાદના ગૌરવ સમાન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સાથે તા.૨-૯-૧૯૯૫ થી જોડાવાનો અવસર મને ભારતીય જનતા પાર્ટી દ્વારા યુવાન વયે આપવામાં આવ્યો હતો.

તા.૨-૯-૧૯૯૫ થી તા.૨૪-૧-૨૦૦૧ સુધી વાઈસ ચેરમેન તરીકે મે સેવા આપી હતી.

તા.૨૫-૧-૨૦૦૧ થી થોડોક સમય પુનઃ સભ્ય તરીકે અને ત્યારબાદ તા.૪-૩-૨૦૦૬ સુધી વાઈસ ચેરમેન તરીકે મેં સેવા આપી હતી.

તા.૫-૩-૨૦૦૬ થી તા.૬-૯-૨૦૧૧ સુધી આ સેવામાંથી હું મુક્ત હતો.

તા.૭-૯-૨૦૧૧ થી ગુજરાતના સપુત અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભારતીય જનતા પાર્ટીના અમારા વડીલોએ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદના સભ્ય અને ચેરમેન તરીકે પુનઃ સેવા  કરવાની તક મને પ્રદાન કરી હતી.

મારું પ્રાથમિક શિક્ષણ ધોરણ ૧ થી ૪ શાહપુરની મ્યુનિ. શાળામા થયું હતું.જે સંસ્થાએ મને એકડો શીખવાડ્યો, કમળનો ‘ક’ અને ગણપતિજીનો ‘ગ’ શીખવાડ્યો તે સંસ્થાના સર્વોચ્ચ પદ પર મને આ નગરમાં કામ કરવાની તક સાંપડી તેનો મને અનેરો આનંદ છે. આ પદ સુધી લઈ જનારી તમામ શક્તિઓનો અને મારામાં સંસ્કારો ભરનાર તમામનો આ પ્રસંગે આભાર માનું છું.

સારા કામોના સહભાગી ઘર-પરિવાર,સ્કૂલ બોર્ડ પરિવાર, મ્યુનિ. કોર્પોરેશન પરિવાર અને રાજ્ય સરકારનો સત્કાર અને સન્માન કરું છું

પ્રાથમિકથી લઈ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્ર સુધી સેવા કરવાની શક્તિ/આશીર્વાદ મા સરસ્વતિએ મને આપ્યા છે. જન્મ આપનાર માતા, જન્મભૂમિ અને મા શારદાનો હું સદાય ઋણી છું. આ શક્તિઓને / આશીર્વાદને આધારે આજેય હું ધો.૧૧,૧૨મા નિયમિત કામેશ્વર વિદ્યાલય જોધપુરમાં અર્થશાસ્ત્રનો વિષય વિદ્યાર્થીઓને ભણાવી રહ્યો છું. કર્મ આધારિત જીવનને યથાર્થ કરી રહ્યો છું.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના આ ગૌરવશાળી પદ પરથી આજે જયારે હું વિદાય થઈ રહ્યો છું ત્યારે કેટલીક વિનંતીઓ, અપેક્ષાઓ અને ક્ષમાયાચના કરવાનું હું ઉચીત સમજું છું.

સૌ,

શાળાનું ગૌરવ વધારજો…

શિક્ષકનું ગૌરવ વધારજો…

શિક્ષણનું ગૌરવ વધારજો…

સ્વયંનું ગૌરવ વધારજો…

વિદ્યાર્થીનું ગૌરવ વધારજો…

સમાજમાં શાળાની શાખ વધારજો…

શહેરનું ગૌરવ વધારજો…

રાજ્યનું ગૌરવ વધારજો…

શાળાની સાથે સંકળાયેલા તમામનું ગૌરવ વધારજો…

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે અમારા બોર્ડના તમામ સભ્યોએ સંસ્થાને ગતિવાન કરવાનો પ્રયાસ કર્યો છે.

પ્રશ્નો પુરાં કરવા મથામણ કરી છે.

પ્રતિષ્ઠાને પુનઃ સ્થાપવા પરિશ્રમ કર્યો છે. કંઈક બાકી રહી ગયું હોય તો ક્ષમા કરશો.

કોઈકને કંઈ કહેવાઈ ગયું હોય, બાળક-શિક્ષણના હિતમાં ક્ષમા કરશો.

સૌનો સહકાર બદલ

આભાર.

વંદન.

ભગવાન સૌનું ભલું કરો

**વિનમ્ર,**
**ડૉ. જગદીશ ભાવસાર**
**ચેરમેન,**
**નગર પ્રા. શિ.સમિતિ,અમદાવાદ**

**તા. ૫ -૮-૨૦૧૬**

